# –:: એલોટમેન્ટ લેટર ::–

## "ISKCON AMBITO"

| | | | |
|---|---|---|---|
| (૧) | વિકાસકર્તા / પ્રમોટર્સનું નામ | :– | આશુતોષ રીયાલીટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સક્રિય અને વહીવટકર્તા ભાગીદાર તથા અન્ય ભાગીદારોના કુલમુખત્યાર દરજજે<br>**PAN No. AAYFA 3700H**<br>**શ્રી મુકેશભાઈ ગોરધનભાઈ તોગડીયા**<br>ઠે.૧૦૧–આકાશ કોમ્પલેક્ષ,પીપલ્સ કો.ઓ. બેંકની બાજુમાં, અમીન માર્ગ, રાજકોટ. |
| (૨) | પરિયોજના/પ્રોજેકટનું નામ | :– | "ISKCON AMBITO" |
| (૩) | સરનામું | :– | રેવન્યુ સર્વે નં. ૩૩૭ પૈ.૧ તથા ૩૩૭ પૈ.૩, યુનિટ નં.૧, મવડી–કણકોટ રોડ, મવડી, રાજકોટ. |
| (૪) | એલોટ કરવામાં આવેલ ફલેટની વિગત | :– | **ફલેટ નં. ૧૦૧** |
| | કારપેટ એરીયા ચો.મી.આ. | :– | ૬૨–૨૨ |
| (૫) | એલોટીનું નામ | :– | **શ્રી** ............................................ |
| | સરનામું | :– | ........................................................<br>........................................................ |
| (૬) | એલોટ કરવામાં આવેલ ફલેટની વેંચાણ કિંમત | :– | **રૂા.૧૭,૦૦,૦૦૦–૦૦**<br>**અંકે રૂપિયા સતર લાખ પુરા** |

એલોટી આથી કબુલ કરે છે કે તેઓએ નીચેની વિગતો આ એલોટમેન્ટ લેટરમાં સહી કરતા પહેલા સંપૂર્ણ ચકાસેલ છે અને તે બાબતે તેઓને સંપૂર્ણ સંતોષ થયેલ છે.

(૧) **વિકાસકર્તા / પ્રમોટર્સ** ના ઉપરોકત "ISKCON AMBITO" ફલેટોના માલીકી બાબતે હકક ઈલાખા (ટાઈટલ) ની સ્થિતિ દર્શાવતા મહેસુલી દફતર (ગામ નમુના વિગેરે) ના ઉતારા અથવા સીટી સર્વે દફતરની અધિકૃત નકલો તથા પ્રમોટરના એડવોકેટ દ્વારા આપવામાં આવેલ ટાઈટલ રીપોર્ટ પ્રમાણપત્ર તથા ઉપરોકત પ્રોજેકટ માટેના રાજકોટ મ્યુ.કોર્પો. એ મંજુર કરેલ આખરી લે–આઉટ / બિલ્ડીંગ પ્લાન / બાંધકામ પરવાનગી વિગેરે એલોટી દ્વારા તપાસવામાં આવેલ છે અને તે બાબતે તેઓને સંપૂર્ણ સંતોષ થયેલ છે.

(૨) ઉપરોકત પરિયોજના / પ્રોજેકટની પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલોપમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સતાધિકારી પાસેથી **રજી. નં. ૧૧૪૬ તા. ૨૦–૧–૨૦૧૮** થી નોંધણી કરાવેલ છે. તે નોંધણી પ્રમાણપત્ર તથા આ પ્રોજેકટની જમીન / બાંધકામ પ્લાન યોજના, નિર્દિષ્ટ હકીકતો **(Specification)** જે પ્રમોટરના આર્કીટેક તથા સ્ટ્રકચર એન્જીનીયર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે અલોટી દ્વારા તપાસવામાં આવેલ છે. અને તે બાબતે તેઓને સંપૂર્ણ સંતોષ થયેલ છે.

(૩) ઉપરોકત **"ISKCON AMBITO"** માં એલોટીએ બુક કરાવેલ ફલેટ તથા તેમાં આપવામાં આવનાર તમામ સુવિધાઓ, માલ મટીરીયલ્સ, બિલ્ડીંગની વિગત, ફલેટમાં આપવામાં આવનાર તમામ સુવિધાઓ તથા તેમાં વાપરવામાં આવેનાર તમામ સેનેટરી ફીટીંગ વિગેરેની વિગતો તથા સામાન્ય સુવિધાઓ **(Specification & Amenities)** તથા બ્લોસરમાં દર્શાવેલ તમામ વિગતોની માહિતી પ્રમોટર દ્વારા એલોટીને આપવામાં આવેલ છે. અને તે તમામ માહિતી એલોટીએ સમજી લીધેલ છે. અને તે બાબતે તેઓને સંપૂર્ણ સંતોષ થયેલ છે. તેથી ઉપરોકત ફલેટ આજરોજ પ્રમોટર દ્વારા એલોટીને આ એલોટમેન્ટ લેટર દ્વારા એલોટ (ફાળવણી) કરવામાં આવેલ છે. બન્ને પક્ષકારો વચ્ચે નકકી થયેલ ઉપરોકત ફલેટના વેંચાણ કિંમતના ૧૦% મુજબની રકમ એલોટી દ્વારા પ્રમોટરને ચુકવવામાં આવશે ત્યારે બન્ને પક્ષકારો વચ્ચે "રેરા" ની જોગવાઈ મુજબનો વેંચાણ કરાર રજીસ્ટર કરવામાં આવશે. અને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની તમામ જોગવાઈઓ બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે અને તેનું બન્ને પક્ષકારોએ પાલન કરવાનું રહેશે.

સ્થળ : રાજકોટ.
તારીખ : – –૨૦૧૮

______________________

(એલોટી)

______________________

(વિકાસકર્તા/પ્રમોટર્સ)